# પ્રસ્તાવના

આશરે 36,158 શબ્દોની અને ૧૯૬ પાનાં સુધી વિસ્તરેલી મારી આ નવલકથાનું શીર્ષક ભલે 'એક સિનિયર સિટિઝન' હોય, પણ હકીકતમાં તો અત્યારના જમાનામાં જીવતા દરેક સિનિયર સિટિઝનની આ વાત છે.

આખી જિંદગી મહેનત-મજૂરી કરીને અથવા નોકરી કરીને કે પછી ધંધો-રોજગાર કરીને સ્વમાનભેર રહ્યા હોય, પોતાનાં માતા-પિતાની સેવા કરી હોય, કુટુંબનું ભરણ-પોષણ કર્યું હોય, સગાં-સંબંધીઓના સંબંધ સાચવ્યા હોય, પણ વૃદ્ધાવસ્થામાં જેમને તરછોડી દેવામાં આવ્યાં હોય તેવાં દરેક વૃદ્ધ માતા-પિતાની વ્યથા આ નવલકથામાં વ્યક્ત થઈ છે.

મુંબઈનો પંકજ નામનો એક યુવાન ઉદ્યોગપતિ ઊંટડી ગામમાં આવે છે. એ આવ્યો છે, તેના મૃત પિતાનું મકાન વેચીને રોકડી કરી લેવા! આ પ્રસંગથી નવલકથાની શરૂઆત થાય છે.

મકાન વેચવાનો સોદો નક્કી કરી લીધા પછી એને ખબર પડે છે કે એ મકાન તેના બાપાએ (દિનુભાઈએ) ગામની સ્કૂલને દાનમાં આપી દીધું છે. પંકજ આ વાત સ્વીકારવા તૈયાર નથી. ઘણા ધમપછાડા પછી વાત માનવી પડે છે.

બાપાના મકાનમાંથી એક ચિઠ્ઠી પંકજને મળે છે. એમાં લખ્યું છે કે બાપાએ (દિનુભાઈએ) એક ડાયરી લખી છે. એ ડાયરી પંકજભાઈએ છપાવવી.

હવે વાર્તામાં લેખકની એન્ટ્રી થાય છે. લેખકને એક સક્રિય પાત્ર તરીકે વાર્તામાં પ્રવેશ મળે છે.

દિનુભાઈએ ચિઠ્ઠીમાં લખ્યું છે કે એ ડાયરી એમણે જિતેન્દ્રભાઈ દવેને આપી છે. પંકજે એ ડાયરી જિતેન્દ્રભાઈ પાસેથી મેળવી લેવી અને છપાવવી.

ડાયરીમાં દિનુભાઈએ તેમના જીવનના નાના-મોટા પ્રસંગો લખ્યા છે, પુત્ર પંકજ અને પુત્રવધૂ સાથેના રોજિંદા કલહના પ્રસંગોનો પણ એમાં ઉલ્લેખ આવે છે.

અહીંથી વાર્તામાં રહસ્ય સાથે વળાંક એવો આવે છે કે પંકજ અને તેની પત્નીએ બાપાને જે ત્રાસ આપ્યો હતો, રોજના જે કજિયા-કંકાસ કર્યા હતા તેનું વિગતવાર વર્ણન બાપાએ તેમની ડાયરીમાં કર્યું છે. શું પંકજ એ ડાયરી છપાવશે? કે પછી ડાયરી છપાય નહીં એ માટે કોઈ કાવાદાવા કરશે? અથવા તો, શું પંકજની મરજીની વિરુદ્ધ જઈને જિતેન્દ્રભાઈ ડાયરી છપાવશે? જિતેન્દ્રભાઈ ડાયરી છપાવી શકશે ખરા?

નવલકથામાં આ ડાયરી અગત્યનો ભાગ ભજવે છે. પોતાની આત્મકથા લખનાર દિનુભાઈદાદા સદેહે તો વાચકો સામે આવતા જ નથી. ડાયરીના માધ્યમથી એમના સંઘર્ષની હકીકતની જાણ વાચકોને થાય છે.

બૅન્ક મૅનેજરના પદેથી નિવૃત્ત થયેલા દિનુભાઈ તેમના દીકરા અને તેની પત્નીના રોજના કજિયા-કંકાસથી કંટાળીને પતિ-પત્ની બંને જણા પોતાને ગામ જતાં રહે છે. સાથે લેતા આવેલા પ્રોવિડન્ટ, ગ્રૅચ્યુઇટી વગેરેના લાખો રૂપિયા છ-સાત વર્ષમાં વપરાઈ જાય છે.

એક સમય એવો આવ્યો કે શાકભાજીના ત્રેવીસ રૂપિયા ચૂકવવાના પૈસા તેમની પાસે નહોતા.

આવા કપરા સંજોગોમાં દિનુભાઈએ એવા ઉપાય યોજ્યા કે તેમની આર્થિક સંકડામણ દૂર થઈ અને ગામના યુવાનોને પણ રોજીરોટી મળતી થઈ. દિનુભાઈએ આ કેવી રીતે કર્યું? તે જાણવા તમારે આ પુસ્તક વાંચવું પડે.

નવલકથામાં બેન્ક વ્યવસ્થાપનની પૂરક માહિતી આપનાર મારા મિત્રો સર્વશ્રી હરેન્દ્રભાઈ કવિ (મુંબઈ), રમેશભાઈ શાહ (નડિયાદ) અને ભૂપેશભાઈ દવે (અમદાવાદ)નો આભાર ન માનું તો કેમ ચાલે? મારા ત્રણેય મિત્રોનો હૃદયપૂર્વક આભાર માનું છું.

ઉપરાંત આટલા ટૂંક સમયમાં આટલું સુંદર પુસ્તક પ્રગટ કરનાર પ્રકાશન ઝેન ઓપસને અભિનંદન આપું છું અને આભાર માનું છું.

મારી ટૂંકી ઓળખાણ આપતાં એટલું જણાવીશ કે મહાભારત, ગીતા, મહાત્મા ગાંધી, નવલકથા, રહસ્યકથાઓ વિશેનાં મારાં ૧૭ પુસ્તકો પ્રગટ થયાં છે. મહાભારત વિશે પ્રવચનો આપું છું. મહાભારતની કથા-સપ્તાહ કરું છું. ગાંધીજી વિશે પ્રવચનો આપું છું.

આજના જમાનાના દરેક કુટુંબને દઝાડતી આ સળગતી સમસ્યાને ઉજાગર કરતી આ રહસ્યમય નવલકથા 'એક સિનિયર સિટિઝન' ફક્ત સિનિયર સિટિઝનોએ જ નહીં, યુવાનોએ પણ વાંચવી જરૂરી છે.

મલાડ. **– જિતેન્દ્ર દવે**
૨૮-૦૫-૨૦૨૬.